॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૮૪, મે–૨૦૨૬, રૂા. ૫.૦૦/–














ભુજ નગર નિવાસી શ્રી નરનારાયણદેવનો ૨૦૩ મો
વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૬ અંક-૩ મે-૨૦૨૬
વર્ષ : ૪૧ સળંગ અંક-૪૮૪

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.


:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| લેખ | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૯ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૦ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૬ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઇઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

**"અપેક્ષા, સાપેક્ષતા સર્વાધિકૃત સાપેક્ષા.। અનપેક્ષતા, નિરપેક્ષતા સર્વાધિકૃત અનપેક્ષતા ॥"**

વાદ-વિવાદથી શ્રેષ્ઠ આત્મિય સંવાદ, મન-બુદ્ધિ, વાદ-વિવાદ, ચિત્ત નિર્વિવાદ.

યહુદી વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્ટાઈનને વિશ્વનું સર્વ શ્રેષ્ઠ પુરસ્કાર 'નોબેલ પ્રાઈઝ' મળ્યું. તે તેમણે 'સાપેક્ષવાદ' 'થિયરી ઓફ રીલેટીવીટી'ની જગતને જાણકારી કરી તે સંદર્ભે મળ્યું. 'અણું-પરમાણું'ની શોધ લગભગ થોડા ઘણાં નિકટના સમયમાં જ જગતના પાંચ વૈજ્ઞાનિકોએ શોધ કરેલી છે.

બીજા વિશ્વયુદ્ધ વખતે આવી શોધ પરથી અણુબોંબ અમેરિકાએ બનાવ્યો ત્યારે તે અતિ વિનાશકારી હોતાં આલ્બર્ટ આઈન્ટાઈને તેની સાથે જગતના જાણીતા બીજા સાઈઠ વૈજ્ઞાનિકોની સહી સાથે 'અણુંબોંબ' ન ફોડવા અપીલ કરેલ, છતાં જાપાનના હીરોસીમા ને નાગાશાકી ટાપુઓ પર અણુંબોંબ ફોડી ને કરોડાને મારી નખાયા જેમાંથી જાપાન ગીરવી રહી ગયું. જેથી આજે પણ જાપાનમાં જન્મજાત નવી પેઢી તેનાં ફળ ભોગવી રહી છે. આજે ફરી પાછા અણુંબોંબ  ફોડવાના ને ત્રીજા વિશ્વયુદ્ધમાં સમગ્ર પૃથ્વીને વિનાશ કરવાના ડાકણિયા ડાકલા વાગી રહ્યા છે, ત્યારે માત્ર એક આપણો દેશ 'ભારત'ના યુદ્ધ કરાર માટે સમગ્ર ઝનૂની રાજનીતિજ્ઞોને સમજાવી રહ્યું છે. 'સાપેક્ષતા' ઈશ્વરે રચેલ સૃષ્ટિમાં રાત-દિવસ, ઉષા-સંધ્યા, નર-નારી, ભણેલા-અભણ, જ્ઞાની-અજ્ઞાની, રોગ અને તેની દવાના સ્વરૂપે 'સાપેક્ષવાદ'ના સિદ્ધાંતના દાયરામાં આવી જ જાય છે.

'સાપેક્ષવાદ'નો તણખા સ્વરૂપનો અણું વિસ્ફોટ કરોડો વર્ષની કૃપાથી લીલીછમ પૃથ્વીને  પાંપણના પલકારે વનાશમાં ધકેલી શકે છે.!


સ્વામિનારાયણ સંપ્રદાય ધર્મપ્રિય, જગત પર પરમાત્માએ સર્જેલ ચોર્યાશીલાખ યોનીઓની રક્ષા, સર્વની ફરી પાછી પરમાત્મામાં સમાવી જવાની લાયકાત વધારવા પ્રયત્નશીલ છે. 'જન્મ'ને 'મૃત્ય' અકલ્પ્યપણે સાપેક્ષ જ છે, પરંતુ તેમને વિનાશાકારી સ્વભાવના રાક્ષસીઓ દ્વારા અમલમાં આવે તે પહેલાં પરમાત્માની ઈચ્છા પ્રમાણેના 'કર્મવાદ'ના પ્રતાપે જ સૌ જીવોની  સાપેક્ષતા થાય તે માટે સનાતન ધર્મનું અસ્તિત્ત્વ સમજાવવા વારંવાર 'અવતારો' દ્વારા 'ઊન્નતિવાદ' મંદિરો ઉજાગર કરી રહ્યા છે.!

પ્રભુ પ્યારા સત્સંગીઓ પરમાત્મા તુલ્ય 'માતૃસર્જન'નું 'અણું'થી વિસર્જન થવા દેવું છે કે, ષડક્ષરી 'સ્વામિનારાયણ' મંત્રોચ્ચાર કરતાં કરતાં સ્વયં પરમાત્મા તેજ તેમના ધામમાં જઈ મળી ચોર્યાશીના ફેરા ને 'ફોગટ' કરવા છે ?

જય શ્રીસ્વામિનારાયણ......

# શિક્ષાપત્રી શ્લોક - ૧૦૩

હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' - ભુજ




ધર્મો જ્ઞેયઃ સદાચારઃ શ્રુતિસ્મૃત્યુપપાદિતઃ ।
માહાત્મ્યજ્ઞાનયુગ્ભૂરિસ્નેહો ભક્તિશ્ચ માધવે ॥

મારા આશ્રિતો હોય તેમણે, શ્રુતિ અને સ્મૃતિએ પ્રતિપાદન કરેલો જે સદાચાર તેને જ ધર્મ જાણવો. અને શ્રીકૃષ્ણ ભગવાનને વિશે માહાત્મ્યજ્ઞાનથી યુક્ત જે ઘણો સ્નેહ તેને ભક્તિ જાણવી.

ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકનું તાત્પર્ય સમજાવે છે કે, શ્રુતિ એટલે વેદ અને સ્મૃતિ એટલે યાજ્ઞવલ્કયાદિ ઋષિઓએ રચેલી ધર્મસંહિતા, તેમણે અધિકારને અનુસારે અવશ્ય પાલન કરવા માટે વિધાન કરેલો જે સદાચાર તેને ધર્મ જાણવો. સદાચાર એટલે લોક તથા શાસ્ત્રથી વિરુદ્ધ ન હોય એવો જે આચાર, તેને ધર્મ જાણવો. અર્થાત લોકમાં પ્રચલિત હોય અને શાસ્ત્રોથી પણ વિરુદ્ધ ન હોય, એવો જે આચાર તેને જ ધર્મ જાણવો.

મહાભારત કહે છે, સદાચારઃ સ્મૃતિઃ વેદાસ્ત્રિવિધ ધર્મલક્ષણી ॥ ધર્મ લક્ષણો બાધિત કરે, ક્ષણે ક્ષણે જનસંપ્રદાય તેમને પાળવા પડે; દૃષ્ય-અદૃષ્યપણે બધુ ચાલ્યા કરે, લક્ષણોનું આચરણ જ ધર્મ બને. વેદ તો વિશાળ સમૃદ્ર છે. એ વેદરૂપી સમુદ્રમાંથી જેને જેટલું યોગ્ય હોય તેટલું જ ગ્રહણ કરવા યોગ્ય છે.

મનુસ્મૃતિ પ્રબોધે છે ધર્મનું આચરણ કરનારો મનુષ્ય આ લોકમાં મોટી કીર્તિને પામે છે, મરીને ઉત્તમ સુખ મેળવે છે. ધર્મ વિના તો કોઈ પુરુષાર્થની સિદ્ધિ થતી નથી. અને દેશકાળ પ્રમાણે ધર્મનું પાલન કરવું, વળી ભગવાનના માહાત્મ્યજ્ઞાનથી યુક્ત એવો ભગવાનને વિશે સર્વાધિક સ્નેહ-પ્રેમ તેને ભક્તિ કહેલી છે.

"ભગવાન છે બ્રહ્માંડના રચયિતા, સંસારીઓ મૃગજળ બની છેતરવા..! ગોપીઓની પ્રેમલક્ષણા ભક્તિની અદત્તતા..! નવધાભક્તિ જ અંતે પ્રેમલક્ષણા ફલિતતા."

વિવિધ અનુષ્ઠાનો કરવાથી તો ભક્તિનો ઉદય થઈ જાય છે, ભક્તિથી પ્રેમલક્ષણામાં સંચરણ થાય છે. અને ફળરૂપે મોક્ષગતિ થાય છે.

ગોકુળની ગોપીઓને શ્રીકૃષ્ણ દર્શનમાં બ્રહ્માજીએ આપેલી આંખોની પાંપણો આડી આવતાં ગાય છે.

"દર્શન દો ઘનશ્યામ નાથ, મોરી અખિયાં પ્યાસી રે. આંખોકી પલકો દર્શન રોકે, બ્રહ્માજીકે દુઃખદાયી ધોખે. દૂર કરો અવિનાશી રે.....દર્શન દો ઘનશ્યામ."

# કથાવાર્તા એટલે જીવન ઘડતર

રમણ ગજ્જર ભુજ

આપણાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં વાર-તહેવારે ઉજવાતા મહોત્સવો, કથા પારાયણો, ધનુર્માસની કથા, ચાતુર્માસ દરમિયાન ઉજવાતી વિશેષ કથા, જ્ઞાન શિબિરો અને પ્રતિદિન મંદિરમાં સવાર-સાંજ થતી કથાવાર્તાઓએ માનવજીવન ઘડતર માટેનું ઊચ્ચ કોટિનું માધ્યમ છે.

જેમ કાળમિંઢ પથ્થર હોય તે પડી રહ્યો હોય છે, ત્યારે તેની કોઈ કિંમત ન હોય પણ શિલ્પી તે પથ્થરમાંથી જ્યારે ભગવાનની પ્રતિમાનું ઘડતર કરે ત્યારે તે મૂર્તિ બને અને પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે ત્યારે લોકો તેના દર્શન કરે છે. પોતાના મનોરથો પૂરા કરવા પ્રાર્થના કરે છે. રસ્તાનો પથ્થર અને પ્રતિમાનો પથ્થર બંને પથ્થર જ છે પણ એકનું ઘડતર થયું છે અને એકનું ઘડતર થયું નથી. પ્રતિમાની કિંમત તેના ઘડતરથી જ છે. આમ પથ્થરની નહિં પણ ઘડતરની કિંમત છે.

આગળ કહ્યું તેમ વ્યાસપીઠ પરથી સદ્ગુરુ-સંતો, આપણને કથામૃત પીરસે છે તે પણ આપણા જીવનના ઘડતરનું જ કામ છે. વક્તાઓ જીવનના ઘડતરના શિલ્પીઓ છે. માટે જ શ્રીહરિએ આપણને સાંયકાળે મંદિરમાં કથાવાર્તા શ્રવણ માટે આજ્ઞા કરેલી છે. શ્રીહરિની આજ્ઞાનું પાલન સત્સંગીની ફરજ છે.

સંતાનોને કથાવાર્તામાં હાજરી આપવી ગમે કે ન ગમે, પણ તેમને કથાવાર્તામાં બેસાડવા તે મા-બાપ, વડીલોની ફરજ છે. કથાવાર્તા તો માનવીય જીવનના ઉત્તમ સદ્ગુણો પ્રાપ્ત કરવાના કોચીંગ કલાસ છે. સદ્ગુણોને ખોદી કાઢવાની ખાણ છે.

શાળા ઉપરાંત મા-બાપ સંતાનોને ટ્યુશનમાં મોકલે છે. શા માટે ? તે હોંશિયાર બને તે માટે જ. બસ જ્ઞાન શિબિરોમાં પણ જીવન ઘડતર માટે જ તેમને હાજર રાખવાના હોય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યે કહ્યું છે કે, “ભગવાનની લીલાનું ગાન કરનારો કથાકાર અમૃતના સાગર સમ છે.” આ અમૃતના સાગર પાસે આપણે જવું જોઈએ. સાગર આપણી પાસે ન આવે.

શ્રીહરિના પ્રત્યેક લીલાચરિત્રોમાંથી આપણા જીવનના ઘડતર માટેનો અણમોલ ખજાનો મળી રહે છે. માત્ર સવાલ તે અંગે દૃષ્ટિ કેળવવાની છે.

ધર્મગ્રંથો ઘરમાં હોય છે. જે વાંચીએ છીએ. પણ તે જ ગ્રંથો વિદ્વાન વક્તાઓ પાસેથી કથાવાર્તાના માધ્યમથી તેનું શ્રવણ કરીએ, તેની મજા તો કાંઈક ઓર જ હોય છે. જે લેખનનો વિષય નહિ પણ અનુભવનો વિષય છે.

આપણાં ધર્મગ્રંથોનું જ્ઞાન-તત્વજ્ઞાન વિશ્વમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. તે બધી ઈશ્વરની વાણી છે. તેમાં અદ્ભુત તાકાત રહેલી છે. સાંસારિક જીવનમાં માનવીને મુંઝવતા આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપમાંથી મુક્ત કરવાની રામબાણ ઔષધિઓ આપણને કથાવાર્તામાંથી જ મળે છે. જેનામાં કથાવાર્તા શ્રવણનો ગુણ હશે તે જીવનમાં ક્યારેય પાછો નહિ પડે. શીલ-ચારિત્ર્યનું રક્ષણ કરવાની ચાવી કથા શ્રવણમાંથી જ મળે છે.

# ATMANIVEDI BHAKT - KING AMBARISH

- Swami Harivadan Dasji - Bhuj

The story of King Ambarish in Bhagavata Purana is very sacred. He is known as Atmanivedi bhakt. Atmanivedi means- those who have entirely dedicated their lives and souls to the service of supreme lord. King Ambarish, one of the great kings from Surya Vamsh(solar dynasty). He lives according to God's wishes and never strays from the path of devotion. He was highly educated. He performs yagnas by inviting great rishis such as Gautam, Atri, VishwaMitra, vashisth and many great sages at the bank of river Sarasvati. He listens and sings the glory of the great Lord Narayan. He had no desire for heavenly bliss, he simply wished to serve the Supreme Lord and his Ekantik bhaktas in any way possible. He lived renouncing his kingdom, wealth and family – his all, in order that his devotion would stay pure and firm. As a king he showered happiness on his subjects, considering them as his children. He was ruling over the world as an emperor. He had many servants, yet served God himself. He had immense wealth. He was full of riches. Yet, considering all those comforts and luxuries as perishable, he had attachment only for God and his devotees. He considered this world as rubbish. And kept all his senses only for the darshan of God. His body was engaged in all the works related to God and his mind was engaged only in the remembrance of God. His hands were engaged in the service of temples, and both ears were engaged in listening to the stories of God, both eyes were always doing darshan of God, His words were always describing the qualities of God. Worldly experiences are dreams. Nothing is permanent. अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् (Gita 9:33) The world is temporary, sorrowful and painful, one should

dedicate themselves to the service of the Supreme Lord to achieve eternal happiness. Shree Hari also remembers him in shikshapatri (shlok 55)- Even those of my devotees who are atmanivedi like King Ambarish should perform all the morning rituals and do mansi pooja. He was also known for his unwavering faith and piety, and his story highlights the importance of devotion and divine protection. One of the most well-known narratives involves King Ambarish and the sage Durvasa. Sage Durvasa, known for his powerful anger and curses, once visited Ambarisha's palace for a meal on Dwadashi. Before the meal he went to bathe in the river with his disciples. However, it took a long time to get to the palace. On the suggestion of Kul guru (other sages), King Ambarish drank water with tulsi as a ritual before the arrival of sage durvasa. When he learned about this act, he got angry and released kritya from his hair and tried to kill King Ambarish. King Ambarish, despite being attacked by kritya, stood still and calm, and prayed to the Lord. Lord Narayan sent Sudarshan Chakra for protection of Ambarish. Sudarshan Chakra killed kritya and chased after durvasa. He went to Indra, Brahma, and Shiv for help. They said, "we cannot stop Sudarshan Chakra." He came to Lord Narayan for help but, the lord said, "it will follow the order of Ambarish." Durvasa finally realized the greatness of Ambarisha's devotion and asked for forgiveness. Ambarisha in his kindness forgave the sage, thus saving him from the wrath of the Chakra. Durvasa then realized the importance of devotion and the love of the Lord for his devotees. We should follow the example set by King Ambarish. This is the purest form of Bhakti Yog, that pleased the Lord and he earned his place in the heart of Supreme Lord Shri Hari Narayan.

# ન જોઇ જાત કુજાત પુરુષોત્તમ પ્રગટી રે

મહાદેવ ધોરિયાણી

સહજ-આનંદના સંદેશક શ્રીસહજાનંદ સ્વામીએ એકજ ધર્મના ઝંડા નીચે હિન્દુ, મુસ્લિમ, જૈન, પારસી એવા કોઈપણ જાતના ભેદભાવ વગર સૌ કોઈને સંપ્રદાયમાં આવકાર્યા છે. સુરતના અરદેશરજી કોટવાલ, પીલ્લુ સાહેબ વગેરે પારસી ભક્તોને મહારાજનો દૃઢ નિશ્ચય થયો હતો.પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણે કૃપા કરીને ભેટ આપેલ 'પાઘ' આજે પણ તેમના વંશજો ભક્તિભાવપૂર્વક મહિમાથી સાચવી રહ્યા છે. દર વર્ષે ભાઈબીજના પરમ પવિત્ર દિવસે પાઘના દર્શન કરવા માટે 'શ્રીજીમહારાજની પ્રસાદી'નો મહિમા સમજીને સુરતમાં માનવ મહેરામણ અને ભાવિક ભક્તોની ભીડ નાત-જાતના ભેદભાવ વગર જાયે છે.

વળી મુસલમાનો પણ શ્રીજીમહારાજના આશ્રિત થયેલા હતા. શ્રીહરિના હજૂરી પાર્ષદની સેવામાં નિર્માની ભક્ત મીયાંજી રહેલા હતા. વડોદરા સરકારના જાગીરદાર મીર સાહેબનો અનિદ્રાનો રોગ શ્રીજીમહારાજની કૃપાથી દૂર થયો હતો. તેથી તેઓ મહારાજના અનન્ય અનુયાયી બની ગયા હતા. તદુપરાંત ડોસાભાઈ તો નિરાવરણ દૃષ્ટિવાળા પરમ એકાંતિક ભક્ત હતા. કેસર મીયાં, આલસી ઘાંચી, રાજાભાઈ પીંજારા, વલીભાઈ વોરા વગેરે અનેક મુસ્લમિ ભક્તો શ્રીસહજાનંદ સ્વામીના અનન્ય શિષ્યો બની ગયા હતા. એટલુંજ નહિં પણ અનેક મુસ્લિમ ભક્તો સ્વામિનારાયણનું ભજન કરતા હતા.

એક વખત સભામાં સિંધ પ્રદેશમાં સત્સંગનો પ્રચાર-પ્રસાર કરવાનો પ્રસ્તાવ મહારાજે મૂક્યો, પરંતુ ત્યાં જવા માટે કોઈ તૈયારી દાખવી નહિ, પણ શેખ મીયાંએ બીડું ઝડપ્યું. મહારાજ ! હું જાઉં તો ખરો, પણ ચમત્કાર વગર કોઈ નમસ્કાર ન કરે. મને કંઈક ઐશ્વર્યનું યોગદાન કરો તો જ સત્સંગનો પ્રચાર થાય. શ્રીજીમહારાજ મરક મરક હસતાં કહ્યું કે, તમારી દાઢી સામે જે અનિમેષ નેત્રે એકીટશે જોશે તેને સમાધી થશે અને તમે બીજાના અંતરની વાત જાણી શકશો. પણ તમે કિંમતી વસ્ત્રાભૂષણ પહેરશો નહિ, કોઈના ઘેર પધરામણીએ કે જમવા જશો નહિં, સ્ત્રીઓના સમુદાયમાં વાત કરશો નહિ અને મલેચ્છ કે મલીન લોકોના સંસર્ગમાં રહેશો નહિં.

શેખ મીયાં તો ઐશ્વર્યના પ્રતાપે સિંધ પ્રદેશમાં વંદનીય અને પૂજનીય બની ગયા, પરંતુ શ્રીજીમહારાજની નિષેધાત્મક આજ્ઞાઓની અવગણના કરી. આથી એમનું ઐશ્વર્ય શ્રીજીમહારાજે પાછું ખેંચી લીધું. શેખ મીયાં સત્વરે માનનો દોષ ટાળવા , પોતાની ભૂલનો પશ્ચાતાપ કરવા અને માફી માંગવા ગઢપુર આવ્યા અને શ્રીજીમહારાજની આજ્ઞાથી માણકી ઘોડીની લાદ ઉપાડવા, અન્ય સેવા વગેરે કાર્યમાં રત રહેવા લાગ્યા અને એક આદર્શ ભક્ત તરીકે જીવન વ્યતિત કર્યું.

આ રીતે અનેક કોળી ભક્તોને પણ ભગવાન સ્વામિનારાયણે આશ્રિત કર્યા હતા. લોયાના ઘેલાભાઈમાં મહારાજે ઉચ્ચ સમજણ પ્રેરી હતી. એક વખત દુષ્કાળ દરમિયાન આ કોળી દંપતિ ધંધાની શોધમાં જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં કોઈકનું સોનાનું આભૂષણ પડેલું હતું. આ સોનાના આભૂષણ પર ઘેલાભક્તની દૃષ્ટિ પડતા પાછળ આવી રહેલ પોતાની પત્નીનું મન લલચાઈ ન જાય તેથી તેના ઉપર ધૂળ વાળી દીધી. પત્ની પરિસ્થિતને પામી ગઈ. તેણે

પોતાના પતિને કહ્યું કે, “તમે તો સોનાને સોના તરીકે જોયું પણ એ તો મારે મન ધૂળ સમાન છે.” ધૂળના ઉપર ધૂળ ઢાંકવાની કાંઇ જરૂર નથી. તત્કાલિન સમાજની આવી અભણ અને પછાત વર્ગની સ્ત્રીઓમાં પણ આવી ઊંડી સમજણ આવે એ ખરેખર આશ્ચર્યજનક કહેવાય.

શ્રીસહજાનંદ સ્વામીએ હરિજનોને પોતાના સંપ્રદાયમાં સ્થાન આપીને તેમનામાં આચાર-વિચારનું સિંચન કર્યું હતું. શ્રીજીમહારાજે તેમનાં જીવનમાં આમૂલ પરિવર્તન લાવી દીધું હતું. ‘છાણી ગામ’ના ઘણા હરિજનો શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય બનીને પોતાના વિસ્તારમાં મંદિર બંધાવીને આજદિવસ સુધી પૂજા-પાઠ, ભજન-ભક્તિ કરે છે. છાણી, અટલાદરા વગેરે અનેક ગામોના હરિજન સત્સંગીઓનાં નામ તથા કોળી, વાઘરી વગેરે ભક્તજનોનાં નામ ‘ભક્તચિંતામણી’માં આપણે વાંચીએ છીએ. તથા ખોજા કોમમાં પણ સત્સંગનો સારો ફેલાવો થયો હતો. લાધા ઠક્કર, હરજી ઠક્કર વગેરે અનેક ભક્તજનોનાં નામ નોંધાયેલા છે.

આ રીતે આ અવતારમાં ભગવાને અનેક જ્ઞાતિઓને અપનાવી પોતાના આશ્રિત કર્યા હતા. કારણ કે દરેક જીવાત્માના ઉદ્ધાર કરવા શ્રીસહજાનંદ સ્વામી પધાર્યા હતા. આ રીતે કોઈપણ નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર, કાંઈપણ જોયા વગર સર્વે જીવાત્માના આત્યંતિક કલ્યાણનો કોલ આપવાની જ તમન્ના રાખી હતી. આથી સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના ગ્રંથમાં લખ્યું છે કે,

# સત્સંગ સમાચાર દેશ

## ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરે શ્રીનરનારાયણદેવના ૨૦૩ વાર્ષિક પાટોત્સવની ઉજવણી

ભુજ શ્રીસ્વામિનારાયણ ખાતે વિરાજમાન શ્રીનરનારાયણદેવના ૨૦૩ મા વાર્ષિક પાટોત્સવની ખૂબ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમિયાન શ્રીહરિસ્મૃતિ પંચાહ્ન પારાયણ જ્ઞાન યજ્ઞ અંતર્ગત પોથીયાત્રા, કથા દરમિયાન આવતાં વિવિધ પ્રસંગોની સંતો, સાં.યો.બહેનો, યજમાનશ્રીઓની ઉપસ્થિતિમાં શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી.



કથાના સમાપને શ્રીનરનારાયણદેવના ૨૦૩ માં પાટોત્સવને લઈને મહાઅભિષેક, અન્નકૂટ ઉત્સવ, શ્રીઠાકોરજીની શોભાયાત્રા યોજવામાં આવી હતી. આ પ્રસંગે અમદાવાદથી



શ્રીનરનારાયણદેવ પિઠાધિપતિ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ મહાઅભિષેક, અન્નકૂટ ઉત્સવ, શોભાયાત્રામાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભુજ, અંજાર, માંડવી, ગાંધીધામ, અબડાસા, રાપર, મુન્દ્રા તેમજ ચોવિસીના અનેક ગામો માંથી મોટી સંખ્યામાં લોકો પગપાળા અભિષેક અને અન્નકૂટ દર્શનનો લાભ લેવા પધાર્યા હતા.

મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞાથી શ્રીનરનારાયણદેવના ૨૦૩ માં વાર્ષિક પાટોત્સવના મુખ્ય યજમાનપદે ગામ માધાપરના હાલે બોલ્ટન-લંડનના અ.નિ.વિશ્રામભાઈ કાનજી વરસાણી તથા અ.નિ.ખીમજીભાઈ હિરા વાગડીયા પરિવારના અ.નિ. થયેલા પરમભક્તોની પુણ્ય સ્મૃતિમાં શ્રીનાનદાસભાઈ સામજી વરસાણી સપરિવારે મુખ્ય યજમાનપદ સ્વીકાર્યું હતું.

આ પાટોત્સવ અંતર્ગત શ્રીહરિસ્મૃતિ પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ યોજવામાં આવ્યો હતો. જેનાં પ્રારંભ પૂર્વે શહેરના દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર ખાતેથી વાજતે ગાજતે પોથીયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં સંતો, સાં.યો. બહેનો સાથે બહોળી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. ચોવિસીની કીર્તન મંડળીએ રાસ સાથે કીર્તનની રમઝટ બોલાવી હતી સાથે મહિલા બેન્ડ અને પાઈપ બેન્ડ મંડળીએ પણ





યજમાનશ્રીઓની ઉપસ્થિતિમાં ધામધૂમથી શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, શ્રીહરિ ભુજ આગમન, ફુલદોલોત્સવ, શ્રીઠાકોરજીની શોભાયાત્રા સહિતના પ્રસંગોની ઉજવણી કરવામાં આવી તેનો આકર્ષણ જમાવ્યું હતું.

પાંચ દિવસીય શ્રીહરિસ્મૃતિ કથાનાં વક્તાપદે શા. સ્વામી આનંદવલ્લભદાસજી, શા. સ્વામી પ્રેમવલ્લભદાસજી, શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી રહ્યા હતા. જ્યારે સ્વામી વાસુદેવપ્રિયદાસજી તથા સ્વામી નીલકંઠમુનિદાસજીએ સંગીતમાં સાથ આપ્યો હતો.

સભાનું સંચાલન શા.સ્વામી હરિકૃષ્ણદાસજી અને સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સંભાળ્યું હતું. કથા દરમિયાન સંતો, સાં. યો. બહેનો, કથાના બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. અમદાવાદથી પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પધારી યજમાનો તથા સર્વે સંતો હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. વૈશાખ સુદ-૫ ના દિવસે શ્રીઠાકોરજીના અભિષેકમાં જોડાઈ પંચામૃતથી સંતો સાથે અભિષેક કર્યો હતો.

સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી વિગેરે વડીલ સંતોએ આશીર્વચનો પાઠવ્યા હતા.

આ સિવાય રાત્રી સમયે વિશેષ સાંસ્કૃતિ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતાં. જેમાં















મહારાસોત્સવમાં નિશાદભાઈ સોની એન્ડ ગ્રુપ રમઝટ બોલાવી હતી. સત્સંગ ડાયરા સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં. પાટોત્સવની ઉજવણીનાં સમાપને વહેલી સવારે વિધિવિધાન સાથે પંચામૃતથી શ્રીઠાકોરજીનો મહાઅભિષેક કરવામાં આવ્યો હતો. બાદમાં અન્નકૂટ ઉત્સવની આરતી કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં સ્થાનિક તેમજ આજુબાજુના ગામોના રહેવાસીઓએ લાભ લીધો હતો.

મહોત્સવમાં માંડવીમાં શ્રીવૃંદાવનવિહારી મહોત્સવની સુવર્ણ પત્રિકા પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.મહંત સ્વામી આદિ સંતોને અર્પણ કરાઈ હતી.

**ભુજ મંદિરના પૂ. મહંત સ્વામી દ્વારા શ્રીનરનારાયણદેવનો ૨૦૫ મો પાટોત્સવ ૨૦૨૮ માં છે. અને આ વરસે યુવક મંડળની સ્થાપનાને ૨૫ વરસ થાય છે, એટલે ૨૦૫ માં વાર્ષિક પાટોત્સવના યજમાન કચ્છ**













**શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ તથા શ્રીસ્વામિનારાયણ યુવક-યુવતી મંડળ અને શ્રીઘનશ્યામ બાલ-બાલિકા મંડળના સભ્યો રહેશે. અને ૨૫ મી શિબિર હરિદ્વારમાં થશે એવી જાહેરાત થઇ હતી.**

મહોત્સવને સફળ બનાવવા માટે સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી ગોલોકવિહારીદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત, કોઠારી પાર્ષદ દિનેશ ભગત, કોઠારી સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામી વિજ્ઞાનદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી નંદકિશોરદાસજી, સ્વામી ઘનશ્યામચરણદાસજી, સ્વામી દિવ્યપ્રસાદદાસજી, સ્વામી વિવેકસાગરદાસજી, સ્વામી જગજીવનદાસજી, સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી, સ્વામી બ્રહ્મવિહારીદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી જ્ઞાનપ્રિયદાસજી, સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી, સ્વામી



ઘનશ્યામસેવકદાસજી આદિ સંતો સહિત મુખ્ય કોઠારી શ્રીરામજીભાઇ વેકરીયા, ઉપકોઠારી શ્રીજાદવજીભાઇ ગોરસીયા આદી ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો, તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી અને મહિલા મંડળના સર્વે સભ્યોએ જહેમત ઉઠાવી આ પાટોત્સવને સફળ બનાવ્યો હતો.

અ - કોઠારી સ્વામી ગોલોકવિહારીદાસજી

## શ્રીસ્વામિનારાયણ મંદિર અંજાર મધ્યે ઉજવાયેલા ઉત્સવો

**શિક્ષાપત્રી જયંતી :-** મહા સુદ-૫, તા.૨૩/૧ ના રોજ સવારે શ્રીઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં શિક્ષાપત્રી પૂજન કરવામાં આવ્યું હતું. સંતોએ શિક્ષાપત્રીના એક એક શ્લોકનું પઠન કરી પૂજન કરેલ, જેમાં ભાઈઓ-બહેનો હરિભક્તો બહોળી સંખ્યામાં અમૂલ્ય લાભ લીધો હતો.

**શિવ પૂજન :-** મહા વદ-૧૩, તા.૧૫/૨ ના રોજ મહાશિવરાત્રીના દિવસે આપણા મંદિરે પૂજન, સંતોના આશીર્વાદ તથા આરતીનું આયોજન થયું હતું. જેમાં સંતો, સાં.યો.બહેનો અને હરિભક્તો ભાઈઓ-બહેનો મહોત્સવમાં જોડાયા હતા.

શ્રીઘનશ્યામ મહારાજના ૬૪ માં એવં શ્રીરાધાકૃષ્ણદેવના બીજા વાર્ષિક પાટોત્સવની ઉજવણી :- મંડળધારી ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, વડીલ સદ્ગુરુ શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુ.સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, શા.સ્વામી નારાયણમુનિદાસજી, શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી, કોઠારી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, કોઠારી સ્વામી ભક્તિપ્રકાશદાસજી, કોઠારી સ્વામી સત્સંગસેવકદાસજી વિગેરે મંડળના સર્વે સંતોની શુભ પ્રેરણાથી અંજાર મધ્યે શ્રીઘનશ્યામ મહારાજના ૬૪ માં એવં શ્રીરાધાકૃષ્ણદેવના બીજા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પંચદિવસીય પારાયણનું તા.૧૯/૩ થી તા.૨૩/૩ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીપંચદેવ પૂજન, મહિલા સત્સંગ સભા, ધાન્ય તથા પર્ણ







મહંત સદ્ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજી દ્વારા અંજાર તાલુકાના કુંભારીયા ગામમાં મિસ્ત્રી ગુર્જરક્ષત્રીય સમાજના ભક્તો માટે બનાવેલ મંદિરનો મોટી સંખ્યામાં મિસ્ત્રી સમાજના હરિભક્તોની હાજરીમાં અને સંતોની ઉપસ્થિતિમાં વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો.









જલાભિષેક, રાત્રી સત્સંગ સભાઓ, પટ્ટાભિષેક, શ્રીહરિયાગ, રાસોત્સવ, અભિષેક, અન્નકૂટ તથા રાજોપચારથી પ્રભુને રાજી કરવાનો આ મોટો પ્રયાસ અંજાર મધ્યે થયો હતો. જેમાં ગામ ગામથી અને ધામ ધામથી સંતો-ભક્તો જોડાયા હતા. તથા યજમાન અ. નિ. પ. ભ. શ્રીમનજીભાઈ ગોવામલ પરિવારના આગ્રહથી અમદાવાદથી મોટા મહારાજ

શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજ ખાસ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. વક્તાપદે શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી સંગીતકાર સ્વામી નિર્ભયચરણદાસજીના સથવારે કથામૃતનું રસપાન કરાવી શ્રોતાઓને ભક્તિમય બનાવ્યા હતા. સભા સંચાલન શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.

દરરોજ સભા બાદ સર્વેને ભોજનરૂપી મહાપ્રસાદ પીરસવામાં આવેલ અને ભવ્ય રીતે વિધિવિધાન પૂર્વક આ મહોત્સવ ઉજવાયો હતો.

શ્રીરામ-શ્રીઘનશ્યામ જન્મોત્સવ :- રામનવમીએ પૂજન મંત્રોચ્ચાર સાથે શ્રીરામચંદ્ર ભગવાનની આરતી મધ્યહ્નાને ૧૨ વાગ્યે કરવામાં આવી હતી. અને શ્રીઘનશ્યામ પ્રાગટ્યની આરતી રાત્રે ૧૦ વાગ્યે કરવામાં આવી હતી. જેમાં બાઈઓ-ભાઈઓએ અમૂલ્ય













લાભ લીધો હતો. આ પ્રસંગે યજમાનપદે સાં.યો.ત્રિવેણીબાઇની પ્રેરણાથી અ.નિ.રાજુભાઇ હિરાલાલ ઠક્કર, ધ.પ.ગં.સ્વ.ઉષાબેન સપરિવાર ભુજવાળા રહ્યા હતા. બાદમાં સૌને પંચાજીરી અને પંચામૃતનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

શ્રીહનુમાનજીનું પૂજન :- ચૈત્ર સુ-૧૫ શ્રીહનુમાન જયંતી તા.૨/૪ ના રોજ સાંજ પૂજન તથા મહાઆરતી ગોર મહારાજ દ્વારા કરવામાં આવેલ હતી. જેમાં સંતો, સાં. યો. બહેને તથા સર્વે હરિભક્તો જોડાયા હતા.

## શ્રીરામ નવમી-શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રાગટ્ય જયંતી ઉત્સવ રાપર

તા.૨૭, ચૈત્ર સુદ નવમીના દિવસે ભગવાનના બે અવતારોનું પ્રાગટ્ય થયું છે. તેથી આજનો દિવસ આનંદ અને ઉત્સવનો દિવસ છે. આજે આપણા ઈષ્ટદેવ પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો પ્રાગટ્ય દિવસ તથા મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્ર ભગવાનનો પ્રાગટ્ય દિવસ છે. આજે સહુને આનંદ અને ઉત્સાહ હતો. તેથી આજે રાપર મંદિરે શ્રીઠાકોરજીની પણ ભવ્ય પૂજા થઈ. આજે શ્રીઠાકોરજીના સિંહાસનોને અનેકવિધ ફૂલના શણગારથી શણગારવામાં આવ્યા હતા. તો મંદિરને પણ યોગ્ય રીતે શણગારવામાં આવ્યું હતું. આજે શ્રીઠાકોરજીના પ્રથમ દર્શન માટે મંગળા આરતીમાં બહુ જ મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. તો શણગાર આરતીમાં પણ એનાથી વિશેષ સંખ્યામાં હરિભક્તો શ્રીઠાકોરજીના દર્શનનો લાભ લીધો હતો. આજે શ્રીઠાકોરજીના પ્રાગટ્યનો દિવસ હોતાં મહંત સદ્ગુરુ સ્વામી પુરાણી બાલકૃષ્ણદાસજી, સદ્ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી વિગેરે સંતો સાથે મળીને મનસુખભાઈ જાદવા ગોરસીયાના યજમાનપદે શ્રીઠાકોરજીનું જનમંગલ નામાવલિની પાંચ આવૃત્તિથી તુલસીપત્ર વડે પૂજન કરાયું હતું.







સ્થાનિક હરિભક્તો પણ બહુ જ મોટી સંખ્યામાં આ પૂજનમાં જોડાયા હતા.પૂજન પૂર્ણ થતાં પ.ભ.ભક્ત ગોકળભાઈ હોથીભાઈ કારોત્રા દ્વારા સક્કરટેટી ફળ પ્રસાદરૂપે આપવામાં આવી હતી.

બાપોરે બાર વાગ્યે પ્રભુ શ્રીરામચંદ્રજીના પ્રાગટ્યની આરતી કરવામાં આવી. ગામના હરિભક્તો મોટી સંખ્યામાં આ દર્શનનો લાભ લેવા માટે હાજર હતા. શ્રીસ્વામિનારાયણ પ્રભુના જન્મોત્સવના સમયને ધ્યાનમાં રાખીને મંદિરના ચોકમાં વિશાળ સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્વરૂપે શ્રીઠાકોરજી દર્શન આપતા હતા અને સજજ કરેલ મોટા મંચ ઉપર વ્યાસપીઠની બંને બાજુ સક્કરટેટીનો મહા ફળકૂટ ગોઠવવામાં આવ્યો હતો. બરાબર આઠ વાગ્યે પુજારી શા.સ્વામી તીર્થમુનિદાસજીના વક્તાપદે સભાની શુભ શરૂઆત થઈ તેમાં સંતોના આશીર્વાદ ઉપરાંત જન્મોત્સવના ઉમંગમાં રાસોત્સવ પણ થયો, બરાબર ૯-૩૦ વાગ્યે શ્રીઠાકોરજીના સાનિધ્યમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂનની રમઝટ



કરવામાં આવી. બરાબર દશ વાગ્યે અનેક સંતો-ભક્તોની હાજરીમાં પ્રાગટ્યની આરતી કરવામાં આવી. અનેકવિધ શોભાયમાન રજત પારણિયામાં ઝુલતા પ્રભુના દર્શન કરતા, કીર્તન ગાતા સહુ ખૂબ ભાવથી દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. બહુ જ મોટી સંખ્યામાં પ્રભુના પ્રાગટ્યના દર્શન માટે પધારેલ સૌ કોઈ ભક્તોને પંચાજીરી અને ફ્રુટસલાડનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ સમગ્ર ઉત્સવની યજમાનપદની કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સર્વે સભ્યોએ સાથે મળીને ગૌરવભેર સેવાનો લાભ લીધો હતો.

બાલ પ્રભુજીની છઠ્ઠી-પારણિયા સમાપ્તિ ઉત્સવ :- તા.૧ પ્રભુજીના જન્મ ઉત્સવને આજે છ દિવસ થતાં છઠ્ઠીનો ઉત્સવ કરવામાં આવ્યો હતો. સવારે ૧૦-૩૦ કલાકે મહંત સ્વામીના હસ્તે શ્રીઠાકોરજીની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ રાપર બહેનોના મંદિર વડીલ સાં.યો.સતીબાઈ ફઈ તથા સાં.યો.મહંત રમિલાબાઈ ફઈ આદિ સર્વે સાં.યો.બહેનોએ પણ છઠ્ઠીનો વિધિ અને આરતી કરી હતી. આ ઉત્સવમાં ભગવાનને કુલરનો થાળ ધરવામાં આવ્યો હતો. તેની સેવા સાં.યો.સતીબાઈ ફઈએ લીધી હતી.

હનુમાન જયંતી ઉત્સવ :- રાપર મંદિરે તા.૨ ના રોજ ચૈત્રી પૂનમ હોતાં શ્રીરામભક્ત હનુમાનજીના પ્રાગટ્યનો દિવસ હોવાથી સાંજે સંધ્યા આરતી બાદ હનુમાનજીના પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આકડાના ફૂલ અને પાંદડા વડે વિશેષ શણગાર કરવામાં આવ્યા હતા. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી રચિત ૧૦૮ હનુમાન નામાવલિથી આકડાના પુષ્પો વડે હનુમાનજીનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પૂજનમાં રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ લાભ લીધો હતો. તે સાથે સ્થાનિક હરિભક્તો પણ પોતપોતાના ઘરેથી પૂજાપો લાવીને મોટી સંખ્યામાં જોડાયા હતા. અંતે આરતી-અષ્ટક અને જયનાદ સાથે પૂજન પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ પૂજનના યજમાનની સેવા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સર્વે સભ્યો સાથે મળીને કરી હતી. પ્રસાદ લઈ સૌ છુટા પડ્યા હતા.

રાપર મંદિરે રીક્ષા યાત્રાનું આગમન અને સ્વાગત :- તા.૫, યુ.કે.લંડનમાં આવેલ આપણાં દરેક મંદિરોના યુવાન હરિભક્તો તથા કેન્યા અને ઓસ્ટ્રેલિયાના પણ યુવાનો સાથે મળીને કુલ્લ ૧૪૦ હરિભક્તો છપૈયાથી ભુજ સુધીની રીક્ષા યાત્રાનું આયોજન કરેલું હતું. ભારત સરકારશ્રીની મંજુરી તથા જે તે પ્રદેશના રાજ્યોની મંજુરી સાથે ૨૯ રીક્ષા લઈને ૧૪૦ યુવાન હરિભક્તોએ પ્રસ્થાન કર્યું તેની સુરક્ષા અને બંદોબસ્ત માટે સરકારશ્રી દ્વારા પોલિસ એમ્બ્યુલેન્સની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. યાત્રા ચોથે દિવસે તા.૫ ના સાંજે રાપર મંદિરે પહોંચી ત્યારે આટલા સાહસ અને ઉમંગથી આવતા યુવાનો માટે રાપર મંદિરેથી મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, કોઠારી સ્વામી વિગેરે સંતો મોટી હિંમત કરીને વિદેશથી આવતા સાહસી શુરવીર હરિભક્તોના આગમનને વધાવવા માટે રાપર શહેરના મોટી સંખ્યામાં સૌ ભક્તો સેલારીનાકે ભેગા થયા હતા. ત્યાંથી રીક્ષા યાત્રામાં આવેલ સૌ હરિભક્તો સાથે મળી ધૂન-ભજન કરતા પગે ચાલીને રાપર મંદિરે આવ્યા. શ્રીઠાકોરજીના

સાનિધ્યમાં બેસીને મહાઆરતીનો લાભ લીધો હતો. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામીએ રીક્ષા યાત્રાના કાર્યકર્તા યુવાનોને પુષ્પમાળા પહેરાવીને સન્માન કર્યું હતું. અને સૌને આશીર્વાદ આપતાં તેઓની ભક્તિભાવનાને બિરદાવી હતી. સૌ યુવાનો મંદિરે જ રાત્રી રોકાણ કરી બીજા દિવસે મંગળા આરતીના દર્શન કરી, સંતોની હાજરીમાં વિદાય લીધી હતી.

અ - કોઠારી ડો. સાધુ લક્ષ્મણપ્રકાશદાસજી

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર

તા.૨૨/૩/૨૬ ના રોજ "ગીવીંગ ટ્રી ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈ"થી ઝીલબેન દોશી તેમજ તેમના પિતાશ્રી રમેશભાઈ દોશી મુલાકાતે આવ્યા હતા. શાળાનું વાતાવરણ અને શાળામાં વિદ્યાર્થીનીઓનાં સર્વાંગી વિકાસ માટે પ્રવૃત્તિઓની ઝીણવટપૂર્વક સમીક્ષા કરી હતી, જેમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિ, રમત-ગમત, યોગ, એન.સી.સી., બેન્ડપાર્ટી, સાંસ્કૃતિક તેમજ જીવન ઉપયોગી અન્ય પ્રવૃત્તિઓ પણ સામેલ છે.

આ ઉપરાંત અભ્યાસમાટે ધગશ ધરાવનારાં પણ ફી ભરવામાં અસક્ષમ વિદ્યાર્થીનીઓને ભુજ મંદિર દ્વારા આર્થિક રાહત આપી શિક્ષણ આપવામાં આવે છે, તે જાણ્યા બાદ સંસ્થાના કાર્યોથી સંતોષ પામી રૂપિયા ૧૫,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા પંદર લાખ)નું માતબર અનુદાન ઝીલબેન દોશીએ તેમના દ્વારા ચાલતા NGO દ્વારા આપેલ છે. જે સંસ્થા પરિવારે આભારની લાગણી સહ સ્વીકારેલ છે.

# સત્સંગ સમાચાર વિદેશ

## 'બ્રહ્મભૂત પ્રસન્નાત્મા' સત્સંગ શિબિર (કેન્યા-મોમ્બાસા)

મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી આ વર્ષે આફ્રિકા કેન્યા પ્રદેશમાં શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીસ્વામિનારાયણ યુવક-યુવતી મંડળની "ચાર દિવસીય સત્સંગ શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો યુવાનો-યુવતીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ વર્ષે તા.૩/૪/૨૦૨૬ થી તા.૬/૪/૨૦૨૬ સુધી ચાર દિવસીય સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦૦ યુવાનો તથા ૭૦૦ યુવતીઓએ ૪૦૦ કિશોર-કિશોરીઓ કુલ્લે ૧૭૦૦ જેટલા ભક્તજનોએ ભાગ લીધો હતો અને ૨૪ સંતો ઉપસ્થિત રહ્યા હતા.

શુભારંભ :- તા.૩/૪ નાં વહેલી સવારે સૌ યુવાનો શિબિર સ્થળે પહોંચી આવ્યા હતા. નિત્યવિધિ બાદ અલ્પાહાર કરીને સર્વે યુવાનો ઠાકોરજી તથા સંતોના સ્વાગત માટે સંકુલના મુખ્યદ્વારે પહોંચ્યા હતા. ઠાકોરજીના રથ સાથે સૌ





સંતો અને ભક્તો સભામંડપમાં ધૂન ગાતા ગાત પધાર્યા હતા. બાદ સંતોની ઉપસ્થિતિમાં પૂ.સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, પુ. સ્વામી પારમહંસદાસજી, પુ. સ્વામી મુક્તવલ્લભદાસજી આદિ સંતો-ભક્તોના વરદ્હસ્તે "બ્રહ્મભૂત પ્રસન્નાત્મા" સત્સંગ શિબિરનું દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પુ.સ્વામી પારમહંસદાસજીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ પૂ.મહંત સ્વામીએ ઓનલાઈન વિડિયો દ્વારા વાણીરૂપે પોતાનો રાજીપો વરસાવી સર્વે શિબિરાર્થીઓનો આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારબાદ શિબિરનું થીમ કીર્તન "મૂર્તિ મારે મન માની મોહન તારી" તેનું મ્યુઝીકલ વિડિયો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. જે કીર્તન સવાર-સાંજ નિત્ય



ગાવવામાં આવતું હતું.

પ્રેઝન્ટેશન, વ્યાખ્યાન તથા કથા-પ્રવચનના માધ્યમથી વિવિધ વિષયોને સંતોએ સરળતાથી સમજાવ્યા હતા. બાદ સંતો દ્વારા પીરસાયેલા વિષય લક્ષી પ્રશ્નો કે જીવનમાં મૂંઝવતા પ્રશ્નો ઓપન પ્રશ્ન ચર્ચાના માધ્યમથી સંતો યોગ્ય રીતે સમાધાન કરી આપ્યા હતા. નિત્ય સવારે સમૂહ પૂજા, આરતી અને વચનામૃતની કથા તથા રાત્રે નિત્યનિયમ અને ધોળ પદની કથા કરવામાં આવી હતી. અને સત્સંગ સાથે જ્ઞાન અને ભક્તિનો આનંદ મળે એ માટે પ્રથમ રાત્રે જ્ઞાન ચક્રવ્યૂહ રમત, બીજી રાત્રે કીર્તનધામ મ્યુઝીકલ રમત અને ત્રીજી રાત્રે રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સંતોની તથા યુવાનોની ટીમ દરેક કાર્ય સંપ અને સરળતાથી પાર કર્યા હતાં. તેમાં મોમ્બાસા તથા નૈરોબી આદિ પ્રાંતના ભક્તોએ તન-મન અને ધનથી ખૂબ સેવા કરી હતી. આ શિબિરમાં ૧૩ થી ૧૭ વર્ષના કિશોર ભક્તોને અલગ હોલમાં એમને અનુરૂપ વિષયો સંતોએ પ્રેઝન્ટેશન દ્વારા પીરસ્યા હતા. સાથે વિવિધ રમતો પણ રાખવામાં આવી હતી.

શિબિર સ્થળ હતું મોમ્બાસા-કેન્યા શ્રીસ્વામિનારાયણ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ એકેડમી સ્કૂલ જ્યાં હજારો બાળકો અભ્યાસ કરે છે. દરેક શિબિરાર્થીઓને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કચ્છી લેવા પટેલ સમાજનો હોલમાં ભોજનાલય તથા કાર્યક્રમો યોજાયા હતા.

**-: શિબિરના અમૃત તરંગો-આશીર્વચનો :-**

મહંત સ્વામીના આશીર્વાદ :- તમે જે શિબિરનું આયોજન કર્યું છે તેમાં નાના-મોટા સર્વેને ખૂબ જ જાણવા મળે છે. આપણા બાળકોમાં, યુવાનોમાં સારાં સંસ્કારો પ્રાપ્ત થાય એ માટે સંતો કેટલો દાખડો કરે છે. ભગવાન સંતોને શક્તિ આપી છે. અને બાઈઓ-ભાઈઓને સત્સંગનો સમાસ થાય એ માટે સંતો બાઈઓ-ભાઈઓ મર્યાદાપૂર્વક રહી શકે એ પ્રમાણે આયોજન કરેલ છે. માટે સૌ સાથે મળી સત્સંગ શિબિર કરજો એમાં અમારો ખૂબ રાજીપો છે.

ઉપમહંત સ્વામીના આશીર્વાદ :- સંતોએ તમને ખૂબ જ શિબિરના માધ્યમથી જ્ઞાન પીરસ્યું છે. સંતો ઈચ્છે છે કે કચ્છના ભક્તોના વ્યવહારની સમસ્યા ટળે, કુટુંબમાં સંપીને રહે ને સુખી થાય. માટે સંતોની વાતો જીવનમાં ઉતારજો. સંપીને રહેશું તો આપણી તમામ સમસ્યાઓ દૂર થઈ જશે. બીજું કે કમાણીમાંથી ધર્માદો કાઢવો, શ્રીનરનારાયણદેવ આપણા ભાગીદાર છ, માટે એમનો ભાગ કાઢવો. અને નરનારાયણદેવની છત્રછાયામાં રહેશો તો સુખી રહેશો.

કોઠારી પાર્ષદ જાદવજી ભગત :- અમને આ શિબિર દર્શનથી ખૂબ આનંદ આવ્યો. ઘણે દૂર દૂરથી યુવાનો આવ્યા છે, એ ભાવના હોય તો થાય. મોમ્બાસા મંદિરે શિબિર કરવા, એકેડેમીમાં રહેવા આવું સ્થાન આપ્યું અને કચ્છી લેવા પટેલ સમાજે ભોજન તથા સત્સંગ માટે હોલ જ્યાં સુખેથી બેસી શકાય, એ.સી. હોલ જેમાં ગરમી ન થાય. અંતમાં કહ્યું કે મહંત સ્વામીની આજ્ઞામાં રહેવું, સ્વામી કહે એમ કરવું, પોતાનું ધાર્યું ન કરવું.

સ્વામી હરિબળદાસજી :- તીર્થ બે પ્રકારના છે. સ્થાવર તીર્થ અને જંગમ તીર્થ. મંદિર, ભગવાન એ સ્થાવર તીર્થ છે. અને સંતો-ભક્તો જંગમ તીર્થ છે. બંનેને વળગી રહેવું. અને આપણાં પ્રારબ્ધ ભગવાન સ્વામિનારાયણે ગુરુ રામાનંદ સ્વામી પાસેથી માંગી લીધા છે. અન્ન-વસ્ત્રથી મારો સત્સંગી દુઃખી ન થાય જેથી આજે આપણે સુખી છીએ, માટે મહારાજનો ઉપકાર



ક્યારેય ભુલવો ન જોઈએ.

શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી :- જે યુવાનો આ શિબિરમાં જોડાયા છે તે બહુ ભાગ્યશાળી છે. અને ભુજના મહંત સ્વામીના આદેશથી સતત સંતો યુવક મંડળની ખૂબ સેવા કરે છે. આ શિબિરમાંથી પોતાના જીવનમાં પરિવર્તન થાય અને બીજાના જીવનનું સારું થાય એ કરતા શીખવું. એજ આ શિબિરની સાર્થકતા છે.

શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી :- મહંત સ્વામી ધર્મજીવનદાસજીના આદેશથી વિદેશમાં સૌ પ્રથમ મંદિર નૈરોબીમાં ક્રિયાંગા રોડ થયું અને બીજું મંદિર મોમ્બાસામાં થયું. અને સ્વામીની જ પ્રેરણા અને આશીર્વાદથી કચ્છી લેવા પટેલ સમાજની પ્રથમ સ્થાપના મોમ્બાસામાં થઈ અને પછી નૈરોબી, કચ્છ વિગેરે પ્રાંતમાં થઈ. યુવાનો-બાળકોના જીવનનું ઘડતર ભુજ મંદિરના સંતો દ્વારા સતત થઈ રહ્યું છે. અંતમાં જણાવ્યું કે આપણા બાળકોને ગુજરાતી ભાષા ખાસ શીખવજો અને સાથે ભુજ મંદિર હેઠળ થતું વૈદિક ગુરુકુળનો પરિચય આપ્યો હતો.

પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી :- કર્મનો સિદ્ધાંત સમજાવતા કહ્યું કે, ઘણીવાર બાપાએ કરેલું કર્મ છોકરાઓને ભોગવવું પડે, ક્યારેક છોકરાઓનું બાપાને ભોગવવું પડે, માટે વિચારીને કર્મ કરવા. અહીં રહેલા સ્થાનિક લોકો (ગોલા) ગરીબ હોય એમને દુભવશો તો ભોગવવું





પડશે. માટે એમની સંભાળ રાખવી. જે સંભાળ રાખે છે તેના કામકાજ આજ સુધી બરાબર ચાલે છે. અને જે દુભાવાયા છે તેના કામકાજ ક્યાંય ચાલ્યા ગયા. બીજું કહ્યું કે આ સત્સંગ મફત નથી મળ્યો. કેટલો ખર્ચ કર્યો છે. માટે આપના જીવનમાં કાંઈક ફેરફાર થવો જોઈએ. સમજે તો બધા છે પણ પાલન કરવાનું થાય ત્યારે બધા બીજા સામું જુએ છે. પણ







આપણે આપણા પોતા સામું જોવું.

**-: શિબિરના મુળ વિષયો - પ્રેઝન્ટેશન અને વ્યાખ્યાન :-**

પુરાણી સ્વામી સંતસ્વરૂપદાસજી :- પ્રથમ દિવસના પ્રથમ સત્રમાં પ્રેઝન્ટેશન દ્વારા ‘પરાભક્તિ’ વિશે સમજાવ્યું કે ભગવાનમાં પ્રેમ થવો એજ ભક્તિનું સાચું સ્વરૂપ છે. માટે નવ પ્રકારની ભક્તિમાંથી કોઈ એક ભક્તિ નિષ્કામભાવથી કરવામાં આવે તો એ ભક્તિએ કરીને ભગવાનમાં પ્રેમ થાય ને અંતે દશમી પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત કરી લે છે. એ ભક્તિએ કરીને ભગવાન ભક્તને વશ થઈ જાય છે.

પુરાણી સ્વામી પરમહંસદાસજી :- બીજા સત્રમાં વ્યાખ્યાન દ્વારા ‘પરાભક્તિ’માં પારિવારિક-આર્થિક વિઘ્નો કેવી રીતે ટાળવા એ સમજાવતા કહ્યું કે, દરેક પ્રત્યે આદરભાવ રહે તો પરિવારમાં સંપ જળવાઈ રહે છે. મીઠી અને વિવેક ભરેલી વાણી બગડેલી બાજી પણ સુધારી શકે છે. અને યોગ્ય રીતે વિચારીને ખર્ચ કરે, સારા કાર્યોમાં પૈસા વાપરે તો સુખેથી ભગવાનની ભક્તિ થાય.

સ્વામી હરિસ્વરૂપદાસજી :- બીજા દિવસે પ્રથમ સત્રમાં ‘વ્યર્થકાલો ન નેતવ્યો’ આ વિષય પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, બ્રહ્માંડમાં બે અતિ દુર્લભ અને કિંમતી વસ્તુ ભગવાને આપણને આપી છે. અને એ છે માનવ દેહ અને સમય. ચોર્યાશી લાખ દેહમાં માનવદેહ અતિ ઉત્તમ છે, જીવનું કલ્યાણ કેવળ આ માનવદેહમાં જ સંભવ છે. માટે સમય કાઢીને ભજન કરી લેવું. જેને સત્સંગ માટે ટાઈમ નથી એ મૂર્ખતાભર્યું ખોટનું કામ કરે છે. અને દુ:ખી થાય છે માટે આ માનવદેહ વડે સમય કાઢી સત્સંગ કરી લેવો.

સ્વામી વેદાંતસ્વરૂપદાસજી :- બીજા સત્રમાં ‘કર્મનો સિદ્ધાંત’ એ વિષય પર ‘કર્મણ્યેવાધિકારસ્તે’ આ ભગવદ્‌ગીતાના સંદેશ દ્વારા સમજાવ્યું કે, કર્મ કરવાની પસંદગી જીવની છે, પણ ફળ આપવાની સત્તા પરમાત્મા પાસે છે. અને શુભ-અશુભ બંને કર્મ જીવને ભોગવવા પડે છે, તો મુક્તિ કેમ થાય ? તો જીવ શરણાગત થઈને




એ જ કર્મફળની ઈચ્છા રાખ્યા વિના ભગવાન સંબંધી કર્મ કરવામાં આવે તો ફળ ભોગવવું ન પડે, અને અંતે મુક્તિને પામી જાય છે.




સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી :- ત્રીજા દિવસના પ્રથમ સત્રમાં "બ્રહ્મભૂત પ્રસન્નાત્મા" જીવાત્મા ક્યારેય જન્મતો નથી અને ક્યારેય મરતો નથી, તે શસ્ત્ર વડે કપાતો નથી, અગ્નિથી બળતો નથી, અણુ સરખો સૂક્ષ્મ છે. એવો જીવ અંતર ચોખ્ખું થાય ત્યારે એ જીવને જોઈ શકાય. તો અંતર કેમ ચોખ્ખું થાય તે એક પ્રયોગ દ્વારા સમજાવ્યું હતું.

સ્વામી ગોલોકવિહારીદાસજી :- બીજા સત્રમાં 'રાજીપાનો રાજમાર્ગ' એ વિષય પર જગતનો રાજીપો ઝાંઝવાના જળ જેવો છે. ભગવાન અને સંતનો રાજીપો અમૃતકુંભ છે. ભગવાનનો દૃઢ આશરો કરી એમની આજ્ઞામાં રહેવું એ રાજીપો મેળવવાનું ઉત્તમ સાધના છે. રાજીપો મેળવવા માટે મને શું પસંદ છે એના કરતાં તેમને શું પસંદ છે તેનું ધ્યાન રાખો.

**-: રાત્રી કથા :-**

સ્વામી શ્યામકૃષ્ણદાસજી :- 'નરનારાયણ સેવો રે' આ કીર્તન પદનો અર્થ કરીને જણાવ્યું કે, જેમ પિતાના શરણમાં રહેલા પુત્રની જવાબદારી પિતા લે છે, તેમ ભગવાન પર એકનિષ્ઠા અને સંપૂર્ણ વિશ્વાસ રાખનારની જવાબદારી સ્વયં ભગવાન લે છે. અને યુવક મંડળના સભાનું મહત્ત્વ સમજાવ્યું હતું કે મહંત



સ્વામીએ કહેલું કે યુવક મંડળની સભામાં આવજો અને દરરોજ એક વિશેષ માળા કરજો, તો અંતકાળે સ્વામિનારાયણ ભગવાનને લઈને હું તમને ધામમાં લઈ જવા માટે આવીશ.

સ્વામી રામકૃષ્ણદાસજી :- દરેક વ્યક્તિને પ્રભાવ પાડવાની ઈચ્છા છે, પણ સ્વભાવ સુધારવાની નથી. પ્રભાવ પાડવાથી જગત ઓળખે અને સ્વભાવ સુધારવાથી ભગવાન ઓળખે. તથા ભગવાન મૂળ છે. સંતો ડાળીઓ છે. મુમુક્ષુ ફળ છે. મુમુક્ષુરૂપી ફળને પરિપકવ અને મીઠું થવું હોય તો મૂળ અને મૂળ સાથે જોડાયેલી ડાળીની સાથે જોડાઈને રહેવું પડે.

**-: સવારની કથા :-**

સ્વામી વ્યાસસ્વરૂપદાસજી :- ભગવાન અને ભગવાનના ભક્તનો પક્ષ રાખવો, પક્ષ રાખતાં આબરૂ વધો અથવા ઘટો, માન થાઓ કે અપમાન, દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન અને ભગવાનના ભક્તનો પક્ષ મુકવો નહિં અને એમનો અભાવ આવવા દેવો નહિં.

સ્વામી નીલકંઠજીવનદાસજી :- ભગવાનની માહાત્મ્ય સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જીતાય છે. માટે નવ પ્રકારની ભક્તિમાંથી કોઈ પણ એક ભક્તિ અતિ દઢપણે કરવી જેથી મન જીતાય.

સ્વામી કુંજવિહારીદાસજી :- મંદિરનું મહત્ત્વ સમજાવ્યું અને સાથે શિખા, પૂજા, તિલક-ચાંદલો વિગેરે ધાર્મિક ચિહ્નો શા માટે અને શું ફળ મળે છે એ આધ્યાત્મિક રીતે અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ સરળતાથી સમજાવ્યું હતું.

સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી :- ભગવાન તથા ભગવાનના સંતો-ભક્તોનો ક્યારેય અવગુણ ન લેવો, ગુણ જ લેવો. ગુણ લે તે સત્સંગમાં આગળ વધે છે.

સ્વામી કપિલમુનિદાસજી :- સભા સંચાલકનો કાર્યભાર સંભાળી સમયે સમયે સભામાં ઉત્સાહ વધારી આનંદિત કરતા અને સાથે યુવક મંડળના કાર્યોની ઝાંખી કરાવતા હતા.

અંતમાં સ્વામી પરમહંસદાસજીની ભલામણ અને પ્રેરણાથી ઘણા બધા ભક્તોએ નિર્વ્યસની તથા કામ-ક્રોધાદિક દોષો કે અન્ય કુટેવો છોડવાના સંકલ્પ સાથે નિયમો સંતો પાસેથી લીધા હતા. જે શિબિરની ફળશ્રુતિ કહેવાય.

ઠાકોરજીના થાળ આદિની સેવામાં સ્વામી સુવ્રતમુનિદાસજી, સ્વામી આનંદમુનિદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી, સ્વામી વિજ્ઞાનદાસજી તથા સ્વામી ભક્તિવલ્લભદાસજી આદિ સંતો રહ્યા હતા.

અ - યુવક મંડળ સંત સમિતિ વતી સ્વામી સંતસ્વરૂપદાસજી

## શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર બોલ્ટન

આપણા બોલ્ટન મંદિરમાં શનિવાર તા.૪/૪/૨૦૨૬ ના રોજ નવી કાર્યવાહક કમિટીના હરિભક્તોની વરણી કરવામાં આવેલ છે.

આપણા મંદિરના હાલના ટ્રસ્ટીશ્રીઓ રમેશભાઇ કરસન સોનારા ગામ બળદિયા, પ્રવિણભાઇ માવજી પિંડોરીયા ગામ દહીંસરા, નાનજીભાઇ વિરજી આશાણી ગામ દહીંસરા, ખીમજીભાઇ માવજી ખીમાણી ગામ દહીંસરા, હેતનભાઇ હરજી અજવાણી ગામ બળદિયા.

નવી કાર્યવાહક કમિટીના હરિભક્તો :- પ્રમુખશ્રી કાન્તીભાઇ માવજી ખીમાણી ગામ દહીંસરા, ઉપપ્રમુખશ્રી હરિશભાઇ વાલજી રાઘવાણી ગામ બળદિયા, મંત્રીશ્રી સુરેશભાઇ નારાણ પિંડોરીયા ગામ નારાણપુર, ઉપમંત્રીશ્રી મિતેશભાઇ વાલજી હાલાઇ ગામ દહીંસરા, ખજાનચીશ્રી જીતેન્દ્રભાઇ માવજી ખીમાણી ગામ દહીંસરા, ઉપખજાનચીશ્રી જયંતભાઇ કરસન કાબરીયા ગામ ગોડપુર, સલાહકાર સભ્યોશ્રીઃ- મનજીભાઇ ગાંગજી હાલાઇ ગામ કુંદનપુર, નારાણભાઇ વેલજી પિંડોરીયા ગામ નારાણપુર, અશ્વિનભાઇ ધનજી વરસાણી ગામ વેકરા, મિકાસ વિનોદભાઇ હાલાઇ ગામ કુંદનપુર, ઘનશ્યામ હીરજી ગાંગજીઆણી ગામ દહીંસરા, દિલીપ વાલજી રાઘવાણી ગામ બળદિયા, સયલીન હરિશ રાઘવાણી ગામ બળદિયા.

અ - પ્રમુખ, મંત્રી વતી મનજીભાઇ ગાંગજી હાલાઇ

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## ભુજનગરમાં ભગવાનનું ભવ્ય સ્વાગત




બાલમિત્રો ! જય સ્વામિનારાયણ, ભગવાન શ્રીહરિ ભુજનગર પધાર્યા. ત્યારે તમેના સ્વગતમાં કેવી રાજ સવારીની શોભા હતી તે ગત અંકમાં વાંચી એજ અસવારીની વિષે વિષેશ વાંચીએ.

ભુજનગરમાં ભગવાન શ્રીહરિ પધારે છે. ત્યારે ભક્તોની સાથે રાવશ્રી ભારમલજી શ્રીહરિની સન્મુખ આવ્યા છે. શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી શ્રીહરિનો હાથ ઝાલીને સુંદર શોભાયમાન હસ્તી ઉપર નંગજડિત સોનાની અંબાડી હતી. તેમાં ભગવાન શ્રીહરિને બેસાડ્યા. મૂળજી બ્રહ્મચારી તથા અખંડાનંદ

બ્રહ્મચારી સોનાના ડાંડાવાળી ચામરો ઢાળતા હતા. પાર્ષદ ભગુજી મહારાજના ઉપર સોનાના ઈંડાવાળું ને સોનાના ડાંડાવાળું છત્ર ધારણ કર્યું. ને મહારાજની આગળ ઘોડે સવાર એવા છડીદાર કુબેરીસિંહ તે સોનેરી છડી ખંભે ધારણ કરીને નેકી પોકારતા હતા. મુકતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી આદિ મોટા સંતોને પાલખી, મેના તાવદાન તેમાં બેસાડ્યા. ને કેટલાક સંતોને રથ અને સિગરામમાં બેસાડ્યા. એવી રાતે રાવ ભારમલજી સર્વે સંતોને વિવિધ વાહનમાં બેસાડી પછી વાજતે-ગાજતે રાજાધિરાજ ભગવાન શ્રીહરિની શોભાયાત્રાને માધાપરથી ભુજનગર લઈ જવા પ્રારંભ કર્યો.

મહારાજ પધારાતા હતા ત્યારે ભુજનગરની શોભા કેવી હતી.? ભુજનગરની અદ્‌ભુત શોભા હતી. નગરના દરવાજે જરીનાં તથા આસોપાલવનાં તોરણ તથા પતાકાઓ ને મોટા મોટા ધ્વજ બાંધીને શોભા કરી હતી. નગરના રાગમાર્ગ ને ચૌટા, ચોક, ગલીઓ તેને સાફ કરાવીને ગુલાબજળનો છંટકાવ કરી, ને પુષ્પો વેરેલાં હતાં. તેણે કરીને નગરી બહુ શોભતી હતી. ઘરનાં બારણે બારણે કેળોના સ્થંભ તથા આસોપાલવનાં તોરણ, ધૂપદીપ, જવારા, ગુલાલ આદિકની શોભા કરાવી હતી. ને રાજાએ રાજદરબારમાં પોતાના મહેલોને અતિશય શોભાયમાન કર્યા હતા. આવી રીતનું શોભાયમાન ભુજનગર, તેમાં શ્રીજીમહારાજ તથા રાઓ ભારમલજીએ અસવારી તથા લાખો જનસમૂદાયની સાથે પ્રવેશ કર્યો.

ભગવાન શ્રીહરિએ જયારે ભુજનગરમાં પ્રવેશ કર્યો ત્યારે રાજાએ તોપોના અવાજ કરાવ્યા. તે સમયે રાજમાર્ગની બન્ને બાજું નગરના સર્વે માણસો ભગવાન શ્રીહરિનાં દર્શન કરીને પોતાનો મનુષ્ય જન્મ સફળ કરતા હતા. શ્રીજીમહારાજ પણ સર્વે લોકોને સ્વદર્શન આપતા ને સર્વેના ઉપર કૃપાદૃષ્ટિ વર્ષાવતા થકા રાગમાર્ગમાં ધીમે ધીમે પોતાનો હસ્તી ચલાવતા હતા.

તે સમયે દુકાનોમાં વેપારીઓ શ્રીહરિની મૂર્તિના જોઈને, હાથમાં છે ત્રાજવાં જેને એવા થકા સ્થિર થઈ ગયા. અને પુસ્તને લખતા લહિયા પુરુષો તે શ્રીહરિનાં દર્શન કરીને હાથમાં છે કલમ જેને એવા થકા સ્થિર થઈ ગયા.

અને કેટલીક સ્ત્રીઓ ભગવાન પધારે છે, એ સાંભળીને ઘરકામ છોડીને તત્કાળ મહારાજનાં દર્શન કરવા આવી. તેમજ ભોજન કરતી બહેનો ભોજન છોડી દર્શને આવી. ને કેટલીત બહેનો તો પોતાની હવેલી ઉપર ચડીને રાજમાર્ગમાં જતા એવા સહજાનંદ સ્વામી, તેમને ફૂલે વધાવતી હતી. સર્વે સ્ત્રીઓ ધર્મદેવના પુત્ર ભગવાન શ્રીહરિનાં દર્શન કરીને નેત્ર દ્વારા એ મૂર્તિને અંતરમાં ઉતારીને અતિ આનંદ પામીને પોતાનો જન્મ સુફળ કરતી હતી. ભગવાન શ્રીહરિ માર્ગમાં પોતાની પૂજા માટે પૂજાની સામગ્રી હાથમાં લઈને ઊભા હતા. તે ઉપર પોતાની દયામય દૃષ્ટિ વરસાવતા થકા તેના ત્રિવિધ તાપને ટાળતા હતા. મહારાજ જમણા હાથમાં સુંદર રેશમી રૂમાલ લઈને મુખારવિંદ

ઉપર રાખીને મંદમંદ હસ્તા થકા ચાલતા હતા.

તે સમયે રાજમાર્ગમાં અતિશય સંકડાશ થયેલી હતી. અને તે સમયે જનસમુદાયમાં જે વૈષ્ણવ હતા તેને શ્રીકૃષ્ણરૂપે દર્શન થયા. જે રામાનંદી હતા તેને શ્રીરામચંદ્રજીરૂપે દર્શન થયા. ને શૈવી હતા તેને શંકરરૂપે દર્શન થતાં હતા. શક્તિપંથી હતા તેને શક્તિરૂપે દેખાયા. જૈન મતવાળાને તીર્થંકરરૂપે દર્શન થયા. ને યવન હતા તેને શ્રીહરિ મહમદાદિ પેગંબરરૂપે દર્શન દીધાં. એવી રીતે જે જે જેના ઉપાસક હતા તેમણે પોતપોતાના ઈષ્ટદેવરૂપે મહારાજને જોઈને ભગવાન શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય કર્યો. એવી રીતે શ્રીહરિ પોતાનો પ્રતાપ પ્રગટ કરતા થકા ભુજ શહેરમાં ભવ્ય સવારીમાં ફરીને ગંગારામભાઈને ઘેર ઊતર્યા.

અને રાજા ભારમલજી પણ શ્રીહરિને નમસ્કાર કરીને પોતાની સવારી સહિત પોતાના દરબારમાં ગયા.

## શિક્ષાપત્રી પ્રતિજ્ઞા પત્ર

- શિક્ષાપત્રી સર્વોપરી શાસ્ત્ર છે.
- મારી વાણી મારું સ્વરુપ એ ભગવદ્ ભાવ છે.
- શિક્ષાપત્રી સૌને મનવાંછિત ફળને આપનાર છે.
- ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સાથે આલોક અને પરલોકમાં મહાસુખને આપનારી છે.
- હું શિક્ષાપત્રીને ચાહું છું અને તેના સર્વજીવહિતાવહ સંદેશ અને સદાચારનો મને ગર્વ છે.
- હું નિત્ય શિક્ષાપત્રીનો પાઠ કરીશ અને તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
- હું મારા ઈષ્ટદેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર પ્રત્યે આદર ભાવ રાખીશ.
- હું પ્રીતિએ કરીને સાવધાનપણે આ શિક્ષાપત્રીને અનુસરીશ પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને ક્યારેય વર્તીશ નહિ.

## શિક્ષાપત્રી કવિતા

કરો ના ભાઈ કરશો ના, કોઈ જીવની હિંસા કરો ના,
અહિંસા ધર્મની વાત છે મોટી, યજ્ઞાર્થે હિંસાની વાત ખોટી,
મન વાણીથી હિંસા કરો ના, કોઈ જીવની હિંસા કરો ના.

ખાશો ના ભાઈ ખાશો ના, ખરાબ કયારેય ખાશો ના,
ભોજન શુદ્ધ જમો વિવેકથી, નુકશાન ઘણું ખરાબ ખાવાથી,
માટે દારુ માંસને અડશો ના, ખરાબ કયારેય ખાશો ના.

કરશો ના ભાઈ કરશો ન, ચોરીનું કામ કેદી કરશો ના,
સાચી સંપત્તિ સુખ દાની, ખોટી સંપત્તિ દુઃખ દેવાની,
અહણકનું કયારે લેશો ના , ચોરીનું કામ કેદી કરશો ના.

રમશો ના ભાઈ રમશો ના, ખરાબ રમત રમશો ના,
સારી રમતો સુખ કારી, જુગાર આદી દુઃખ દેનારી,
એવી રમત કયારે ખેલો ના, ખરાબ રમત રમશો ના.

ખાશો ના ભાઈ પીશો ના, ખરાબ ખાશો પીશો ના,
ભાંગ માજમ ગાંજો આદી, કેફ કરનારી વસ્તુ ન સાદી,
ખોટા વ્યસન કેદી કરશો ના, ખરાબ ખાશો પીશો ના.

બોલો ના ભાઈ, બોલો ના, ખરાબ કોઈનું બોલો ના,
મીઠી વાણી કરો જીભથી, બોલો ન ગાળો બચો પાપથી,
ખોટું મોઢું ખોલો ના, ખરાબ કોઈનું બોલો ના.

## નોંધ :- અંક ન મળવા બાબત

શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશના આજીવન ગ્રાહકોને નમ્ર નિવેદન હાલમાં ઘણા ગ્રાહકોને હમણાં ઘણા સમયથી ટપાલ દ્વારા પોસ્ટમાં શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ મળતું નથી એવી ફરિયાદો આવે છે. સંદેશ કાર્યાલયમાંથી નિયમિત રીતે દર મહિને દેશ-વિદેશના લગભગ ૯૦૦૦ જેવા અંક પોસ્ટ દ્વારા નિયત કરેલ તારીખે રવાના કરવામાં આવે છે. છતાં ગ્રાહકોની ફરિયાદને ધ્યાને લઈને મુખ્ય પોસ્ટ ઓફિસમાં લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવેલ છે.

તેમ છતાં ગ્રાહકોને નમ્ર વિનંતી છે કે તમો તમારા વિસ્તારને લગતી પોસ્ટ ઓફિસમાં તમો પણ લેખિતમાં ફરિયાદ કરીને પોસ્ટ ઓફિસના સિક્કાવાળી એક કોપી પરત લેવી જે તમારા પાસે રહે.

બીજું ઘણા ગ્રાહકોના અંક પરત આવે છે. તો જે જે ગ્રાહકોના એડ્રેસ ચેન્જ થયા હોય અથવા એક જગ્યાએથી બીજી જગ્યાએ શીફ્ટ થયા હોય એવા ગ્રાહકો પોતાના પૂરા નામ સરનામા સાથે આ મોબાઈલ ૭૫૬૭૬૦૪૦૦૦ નંબર ઉપર પૂરી વિગત લખીને સુધારો કરાવવા વિનંતી.

અને ભારતભરમાં ક્યાંક રાજ્ય કે જિલ્લા અલગ થયા હોય તો જે તે જગ્યાના પિનકોડ નંબર ફેરફાર હોય તથા કચ્છમાં કયાંક નવાવાસ-જુનાવાસ અથવા ઉપલોવાસ-નીચલોવાસ જે ફેરફાર હોય તે ખરાઈ કરાવી સુધરાવી લેવા.

## ચાલો આપણે આપણી નૈતિક ફરજ નિભાવીએ

આપણા સત્સંગમાં આપણા વડીલોએ ''શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ''ના આજીવન સભ્ય થઈ સત્સંગની સેવા કરેલી છે. જે ઘણાં વર્ષોની નોંધણી થયેલ વ્યકિત જે અક્ષરનિવાસી(ધામમાં ગયેલ) થયેલ હોય તો તેના નામ આપણે આપણી નૈતિક ફરજ સમજીને કમી કરાવીએ. અને હવે આપણા પોતાના નામે આજીવન સભ્ય થઈ સત્સંગની સેવામાં ભાગ લઈએ. આજીવન સભ્ય સેવા દેશમાં રૂપિયા ૫૦૧-૦૦ તથા વિદેશમાં ૬૦૦૧-૦૦ ભરી સભ્ય થઈએ.

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૫૦- કાવ્યા દિપેશ હિરાણીના જન્મદિવસ નિમત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થએ બળદિયા

પધારો ભુજધામ

।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

## શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ

### આયોજક અધિક માસ



# શ્રી સહજાનંદ જપાત્મક યાગ એવમ્ મંત્રાનુષ્ઠાન



**:: પ્રારંભ ::**
અધિક જેઠ સુદ-૧
તા.૧૭-૫-૨૦૨૬
રવિવાર

**:: સમાપ્ત ::**
અધિક જેઠ વદ-૩૦
તા.૧૫-૬-૨૦૨૬
સોમવાર

જાણે અજાણે જપશે જેહ રે, પરમ ધામને પામશે તેહ રે,
એવું આજ ઉઘાડ્યું છે બાર રે, કરવા બહુ જીવને ભવપાર રે.

**સમય : સવારે ૭.૩૦ થી ૧૧.૩૦ અને બપોર પછી ૩.૩૦ થી ૬.૩૦**

જગદગુરુ રામાનંદ સ્વામીએ શ્રી નીલકંઠવર્ણીને વિ.સં. ૧૮૫૭, કારતક સુદ પ્રબોધિની એકાદશીના દિવસે મહાદીક્ષા આપી ''શ્રી સહજાનંદ સ્વામી'' નામ ધારણ કરાવ્યું તેને ૨૨૫ વર્ષ પૂર્ણ થાય છે. એના અનુસંધાને જેઠ અધિક માસમાં ''શ્રી સહજાનંદ જપાત્મક યાગ એવમ્'' ''ૐ શ્રી સહજાનંદાય નમઃ'' મંત્રાનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું છે. આપણો સંકલ્પ છે કે આ અધિક માસમાં આપણે ભગવાનને સવા કરોડ આહુતિઓ અર્પણ કરવી છે.

**: સેવા પ્રકલ્પો (યજમાન પદ) :**

આ અધિકમાસમાં કુલ ૧૫ મંત્રાનુષ્ઠાન થશે. હરિભક્તો પોતાની અનુકૂળતા મુજબ નીચે દર્શાવેલ સેવા પ્રકલ્પોમાં જોડાઈને આ ભગીરથ કાર્યમાં યજમાન બની શકશે. આ અનુષ્ઠાનમાં સ્વયં બેસી શકશે અથવા ભૂદેવ દ્વારા કરાવવામાં આવશે.

૧. એક વ્યક્તિ (૧ દિવસ) રૂા. ૧૧૦૦/-
૨. જોડલા સાથે (૧ દિવસ) રૂા. ૨૧૦૦/-
૩. (એક મંત્રાનુષ્ઠાન) રૂા. ૫૧૦૦/-
૪. જોડલા સાથે (એક અઠવાડિયાનું મંત્રાનુષ્ઠાન) રૂા. ૧૫,૦૦૦/-
૫. જોડલા સાથે (પંદર દિવસનું મંત્રાનુષ્ઠાન) રૂા. ૩૦,૦૦૦/-
૬. જોડલા સાથે (સંપૂર્ણ અધિકમાસનું મંત્રાનુષ્ઠાન) રૂા. ૫૧,૦૦૦/-

**:: અનુષ્ઠાનમાં બેસનારને નીચે પ્રમાણે ભલામણ ::**

૧. અનુષ્ઠાનમાં બેસનારને તા. ૧૦-૫-૨૦૨૬ સુધીમાં રજીસ્ટર કરાવી લેવાનું રહેશે.
૨. રજીસ્ટર કરાવેલ ભક્તને જ અનુષ્ઠાનમાં બેસવા આપવામાં આવશે.
૩. અનુષ્ઠાનમાં બેસનારે ધોયેલા કપડાં જેમકે પુરુષે ધોતી અને શાલ તથા બહેનોએ સાડી અને ચુની પહેરીને બેસી શકાશે.
૪. અનુષ્ઠાન ચાલે ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવાનું રહેશે. પોતાના ધર્મમાં રહેલા બહેનો પણ બેસી શકશે, મનને શાંત રાખવું અર્થાત ગુસ્સો ન કરવો.
૫. સવારે નાસ્તામાં ફલાહાર કરીને બેસવાનું રહેશે અને સાંજે અનુષ્ઠાન પુરુ થાય પછી અનાજ લઈ શકાશે.
૬. અનુષ્ઠાન દરમ્યાન મોબાઈલ વાપરી શકાશે નહીં.
૭. અનુષ્ઠાનમાં બેસનારને જ દૂરથી આવનાર તેમજ લાંબા દિવસો સુધી બેસનારને રહેવાની વ્યવસ્થા આપવામાં આવશે.
૮. અનુષ્ઠાનમાં બેસનારે વ્યવસ્થાપકના માર્ગદર્શન પ્રમાણે રહેવું પડશે.

**સંપર્ક : M. 7567608000/8238823874** **સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2026/UPTO 31-12-2026






‘બ્રહ્મભૂત પ્રસન્નાત્મા’ સત્સંગ શિબિર (કેન્યા-મોમ્બાસા)